# સ્ટાર વોર કે છોટા ભીમ !

**હરેશ ધોળકિયા**

પ્રગતિ કે પછાતપણું કેમ જોઈ શકાય ?

સામાન્ય રીતે પ્રજા જે રીતે વર્તે છે, જે સર્જન કરે છે, જે રીતે કામ કરે છે, વિચારે છે –તેના આધારે તે પ્રગતિશીલ છે કે પછાત રીતે જ વિચારે કે વર્તે છે તે જાણી શકાય.

આપણે અમેરિકા દેશને તપાસીએ. છાપામાં તેના વિશે જે વાતો આવતી હોય કે સંભળાતી હોય તે તરફ ધ્યાન ન આપીએ, કારણ કે છાપાને તો સનસનાટીમાં રસ હોય છે. અને સનસનાટી તો મોટા ભાગે નકારાત્મક સમાચારોમાંથી જ મળે છે. એટલે ગંભીર સમાચારોમાંથી જ અમેરિકાને શોધવાનો પ્રયાસ કરીએ.

શું કહે છે આવા સમાચારો ? તો એક સમાચાર કહે છે કે તાજેતરમાં અમેરિકાએ અવકાશમાં એક અવકાશયાન મોકલ્યું છે. આમ તો તે અનેક અવકાશયાનો મોકલ્યા જ કરે છે, પણ આ અવકાશયાન જરા વિશિષ્ટ છે. અત્યાર સુધી અવકાશયાનો વિવિધ ગ્રહોની તપાસ કરે છે. આ અવકાશયાન સૂર્યની તપાસ કરશે. આમ તો સૂર્યની નજીક જઈ જ ન શકાય. તે એટલો તો ગરમ છે કે તેનાં કિરણો પૃથ્વી પર પણ શરીર પર વધારે લેવામાં આવે તો તકલીફ પેદા કરી શકે છે. તો પાસે જઈએ તો અવકાશયાન સળગી જ જાય. આપણને આ ખબર હોય તો વિજ્ઞાનીઓને તો હોવાની જ. એટલે તેઓ સૂર્યથી ત્રણથી ચાર લાખ માઈલ દૂર અવકાશયાન રાખશે અને ત્યાંથી તેનો અભ્યાસ કરશે. સૂર્ય વિશે સૈધ્ધાંતિક રીતે અનેક અનુમાનો થયાં છે– પાર્કર નામના વિજ્ઞાની દ્વારા. તે સાચાં છે કે નહીં તે આ અવકાશયાન તપાસશે. ( એટલે જ આ યાનનું નામ જ ' પાર્કર અવકાશયાન' રખાયું છે.) તેના સમાચાર આવ્યા અને વાંચ્યા ત્યારે સ્તબ્ધ થઈ જવાયુ કે ત્યાંના વિજ્ઞાનીઓ કેટલા ઊંડાણથી વિચારે છે. બ્રહ્માંડની ઝીણામાં ઝીણી હકીકતો વિશે જાણવાની તેમની ઉત્સુકતા કેટલી તીવ્ર છે ? અને તે માટે કઈ હદે સંશોધન કરે છે ! કેટલીય વાર નિષ્ફળ જાય છે, છતાં તેનો કેડો મૂકતા જ નથી. અને સતત કેવા નવા નવા વિષયોને શોધી રહ્યા છે ? અમેરિકા અને યુરોપના વિજ્ઞાનીઓ ઈશ્વર છે કે નહીં તેની પણ શોધ કરી રહ્યા છે જેને તેઓ " ગોડ પાર્ટિકલ" કહે છે. તે માટે ભૂગર્ભમાં સત્યાવીસ માઈલ લાંબી ટનલ બનાવી છે અને તેમાં કલ્પનાતીત પ્રયોગો કરી રહ્યા છે. અને આ શોધમાં તેમણે વિશ્વના શ્રેષ્ઠ વિજ્ઞાનીઓને જોડયા છે.

આ જ પળોમાં આપણે ત્યાં કઈ પ્રવૃતિઓ ચાલે છે ? જબરદસ્ત પ્રવૃતિ ચાલે છે– જેને " મોબ લીંચીંગ" કહે છે તેની. વિધર્મી પર કે દલિત પર તેઓ ગાય મારે છે કે બાળક ચોરી જાય છે એવી કોઈ અફવા પર અતાર્કિક શંકા કરી તેમને જાહેરમાં મરી જાય ત્યાં સુધી મારવામાં આવે છે. અને પાછું તેનું ગૌરવ લેવામાં આવે છે. તેમાં તેમને પક્ષોનો કે વહીવટનો ટેકો મળે છે. તો બીજી બાજુ દેશની અનેક કોમોને આ પ્રગતિશીલ જમાનામાં પછાત થવાની હોંશ જાગી છે અને તે માટે સરકાર પર દબાણ કરી રહ્યા છે. થોડા દિવસ જતા નથી અને કરોડો લોકો કોઈ ઉત્સવ પાછળ ઘેલા થાય છે અને માણવા જામી પડે છે. તે માટે જાહેરમાં તોફાનો કરે છે, જાહેર મિલકતને નુકશાન કરે છે. પોલીસ અટકાવે તો તેને પણ મારે છે ! સર્વોચ્ચ અદાલત તેમને અટકાવવા જાય તો તેની પણ અવગણના કરે છે. અને નેતાઓ વર્તમાનની સમસ્યાઓનો ઉપાય કરવાનું અવગણી ભૂતકાળનાં મિથ્યાભિમાની ગાણાં ગાયા કરે છે. કરોડો લોકોનો મોટા ભાગનો સમય આવી વ્યર્થ બાબતોમાં વેડફાયા કરે છે. અને છતાં બધાને હોંશ પ્રગતિશીલ થવાની છે.

યુરોપ અમેરિકામાં જે ફિલ્મો બને છે તે પણ તપાસો. "સ્ટાર વોર" જેવી સાહસિક ફિલ્મો બને છે જેમાં અન્ય ગ્રહોના લોકો વિશે કલ્પનાઓ કરવામાં આવે છે. તેમનો સામનો કરવા કેવી કેવી વિજ્ઞાનની શોધો કરી શકાય તેનો ખ્યાલ આપવામાં આવે છે. જે ગેમ્સ બનાવવામાં આવે છે તેમાં પણ સાહસની ભાવના વિકસે એવો પ્રયાસ કરવામાં આવે છે. આ દેશો કે ખંડોના લોકો સમય મળ્યો નથી અને પરદેશ જોવા નીકળી પડે છે. ત્યાંના યુવાન છોકરા છોકરીઓ ભણતાં ભણતાં જાતે કમાય છે અને એ પૈસાથી દેશ વિદેશ રખડે છે અને વૈશ્વિક જ્ઞાન મેળવે છે. તેઓ જંગલોમાં રખડે છે, પર્વતો પર ચડે છે, સમુદ્રમાં આખી પૃથ્વીનો ચકકર મારવાનો પ્રયત્ન કરે છે. ઓલિમ્પીક રમતોમાં રેકર્ડો તોડવાના પ્રયાસો કરે છે. કોઈ પણ રીતે પોતામાં રહેલ ક્ષમતાને સતત પ્રગટાવવાનો ભરપૂર પ્રયાસ કરે છે.

અને આપણે ત્યાં કઈ ફિલ્મો બને છે ? છોટા ભીમ કે ગણેશ જેવી બાળ ફિલ્મો બનાવાય છે જેમાં ચમત્કારો સિવાય કશું નથી હોતું. કોઈ જ કલ્પના નહીં. કદાચે કરે તો ભૂતકાળની ! અન્ય ગ્રહો, તેના લોકો, એવેન્જર્સ, ડિનોસોર, એનાકોન્ડા જેવી કોઈ જ કલ્પનાત્મક ફિલ્મો નથી બનતી. આપણને વિજ્ઞાની કરતાં " સંજુ" જેવાં સામાન્ય પાત્રોમાં વધારે રસ છે. આપણને વિજ્ઞાન કરતાં પુરાણોમાં વધારે રસ છે. વર્તમાન કે ભવિષ્યનાં સ્વપ્નાં જોવા બદલે પુરાણાં ગ્રામ્ય સ્વપ્નાં જોવામાં ગલગલીયાં થાય છે. વિમાન શોધવા બદલે રામાયણમાં વિમાન હતું એવાં વ્યર્થ અભિમાન લેવામાં વધારે રસ પડે છે. અને યુવાનો નવરા હોય ત્યારે શું કરે છે ? ભણતાં ભણતાં કમાય છે ? રામ રામ કરો ! બાપના પૈસે મજા કરે છે. આખો દિવસ મોબાઈલ પર આંગળીઓ ફેરવવામાં કિંમતી સમય બગાડે છે. વ્યર્થ વોટસ અપ જોવામાં સમય વેડફે છે. પોતે કમાઈ દુનિયામાં રખડવું, જંગલો કે પર્વતો સર કરવા એનો એક પળ પણ વિચાર નથી આવતો. બહુ બહુ તો મેળાઓમાં જવામાં રસ પડે છે. બાકી વડીલો કહે છે તેનો વગર વિચાર્યે અમલ કરવામાં જ સમય બગાડે છે. સ્વાવલંબી થવું, સ્વતંત્ર થવું, શંકા કરી વિજ્ઞાનમાં રસ લેવો, ઉતમ સંશોધનો

કરવાં –આ બધી બાબતો આપણા યુવાનો માટે પરદેશી છે. દેશના કરોડો કલાકો વ્યર્થ વેડફાય છે. પ્રગતિ મોડી થતી જાય છે. આ તો કેટલાક ડાહ્યા લોકો પોતાના કામથી દેશનું ગૌરવ વધારે છે, તેથી દેશની કંઈક પણ પ્રગતિ થાય છે, બાકી તો મોટા ભાગના આરામથી સમય વેડફે છે. શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ નિષ્ક્રિયતાથી ખદબદે છે. લાખો રૂપિયા પગાર લઈ એક પણ સંશોધનો નથી થતાં. કેવળ ખટપટોનું સામ્રાજય સર્વત્ર પ્રવર્તે છે. આમાં પ્રગતિ થાય ?  માટે જ આપણી યુનિવર્સિટીઓ વિશ્વની એક હજાર શ્રેષ્ઠ યુનિવર્સિટીઓમાં પણ નંબર નથી લેતી–કોઈ અપવાદ બાદ કરતાં.

આપણને પશ્ચિમને ગાળો આપવામાં ભારે રસ છે. તક મળી નથી અને ગાળો ભાંડવાની શરુઆત કરી દઈએ છીએ. તે ભૌતિકવાદી છે, ભોગવાદી છે, વેપારી છે, વિશ્વને લૂટે છે, તેનું વાતાવરણ બગાડે છે વગેરે ઉતમ ગાળો આપીએ છીએ અને આપણે યોગવાદી છીએ, અધ્યાત્મવાદી છીએ એવા દાવા કરીએ છીએ. પણ આ ભોગવાદીઓ જે શોધ કરે છે, સગવડો ઊભી કરે છે, તેનો પહેલો લાભ આપણે જ લઈએ છીએ. ગાળો ભાંડનારાઓનાં બાળકો પશ્ચિમમાં જ ભણે છે. તેઓ આરામ કરવા હિમાલયમાં નહીં, પણ પશ્ચિમમાં જ જાય છે. અધ્યાત્મવાદીઓ ભયંકર ભોગવિલાસવાળા બંગલાઓ કે ફાર્મ હાઉસોમાં  કે આશ્રમોમાં રહે છે. અને છતાં ગાળો ચાલુ રાખે છે.

આપણે પાછળ છીએ તેનું કારણ આ જ છે. જે કરવાનું છે તે નથી કરતા અને ન કરવાનું બધું જ કરીએ છીએ. પશ્ચિમમાંથી જે શીખવાનું છે તે નથી શીખતા, પણ તેનો લાભ લઈ પાછા ગાળો આપીએ છીએ. ભૂતકાળનું મિથ્યાભિમાન આજે એકવીસમી સદીમાં પણ નથી છોડી શકતા. નવું સંશોધન કરી બધાને ચકિત કરવા બદલે રામાયણ મહાભારત કે પુરાણોમાંની કલ્પનાને શોધો કહી વ્યર્થ ગૌરવ લઈએ છીએ. હા, આપણે ત્યાં ગણિત, ખગોળ કે વૈદકમાં અવશ્ય શોધો થઈ હતી, પણ ત્યારે જે થઈ તે જ. પછી નવી કોઈ જ શોધો ન થઈ. પછી અંધકારમાં ચાલ્યા ગયા. સંકોચાઈ ગયા. આ શોધોને ફરી ન તપાસી. તેના આધારે નવી શોધો ન કરી. અને કદાચે કોઈએ કરી– ટીપુ સુલ્તાન જેવાએ–તો તેને ખરાબ રાજવી કહી ઉતારી પાડીએ છીએ. વિશ્વના કરોડો લોકો જેના પર ફિદા છે તેવી શાહજહાંની અદભુત કળાને –તે મુસલમાનની છે માટે –અવગણીએ છીએ. અદભુત છીએ આપણે લોકો.

માટે જ આપણા રસ્તાઓમાં સતત ભૂવા પડયા કરે છે. ટ્રેનો મોડી પડયા કરે છે. અકસ્માતો થયા કરે છે. કાયદાઓનું સતત ઉલ્લંઘન થયા કરે છે. જરા જેટલા વરસાદમાં પૂરો આવ્યા કરે છે. એક પણ કામ કર્યા વગર સરકારો ક્રાન્તિ કરવાના દાવા કર્યા કરે છે. અને લોકો આવી સરકારોને ચલાવ્યા કરે છે અને ફરી ફરી ચૂંટયા કરે છે. પછી ન કામ કરે તો ગાળો આપે છે, છતાં ફરી તેને જ ચૂંટે છે. કારણ ? " ઉમેદવારો આપણી નાતના કે જાતના છે, માટે ! " ડાહ્યા છે કે કુશળ છે કે ટેકનોલોજીસ્ટ કે નિષ્ણાત છે તેનું કોઈ મહત્વ નહીં. માત્ર આપણી નાતના કે ધર્મના હોવા જોઈએ. પશ્ચિમમાં ભણી નિષ્ણાત થયા હોય તો તેને ધિકકારો. દેશી સરાસરીને પસંદ કરો. આપણને રઘુરામન રાજન ન જ પોષાય !

એકવીસમી સદીમાં મોટા થતા યુવાનોએ એ સ્પષ્ટ નકકી કરવું પડશે કે તેમણે હજી પણ રૂઢિચૂસ્ત રહી દેશને પછાત જ રાખવો છે કે પ્રગતિશીલ બનાવવો છે ? અને જો દેશને પછાત રાખશે તો યુવાનોને જ ખોટ છે. તેઓ જ પછાત રહેશે. ગરીબ રહેશે. સમૃધ્ધ કયારે નહીં થાય. પશ્ચિમના યુવાનો સામે કયારે હરિફાઈ નહીં કરી શકે– તેમના જેવા જ કે તેમનાથી પણ વધારે હોશીયાર હોવા છતાં ! મિથ્યાભિમાન કયારે પ્રગતિ તરફ ન લઈ જાય. એવા નેતાઓની હાકલપટ્ટી કરવાની છે. કેવળ ને કેવળ ભવિષ્ય ચિંતન કરનાર વડીલ–શિક્ષક–પ્રાધ્યાપક કે નેતાને જ સ્વીકારવાના છે.

આપણા યુવાનોએ પણ પાર્કર અવકાશયાન બનાવવાના વિચારો કરવાના છે. કેવળ "ઈસરો" જ આ કામ કરે તે પૂરતું નથી. શેરી શેરીમાં પ્રયોગશાળાઓ કે પુસ્તકાલયો ઊભાં કરવાનાં છે. શાળા–કોલેજોના વર્ગોમાં વૈજ્ઞાનિક ચર્ચાઓ કરવાની છે. ભૂતકાળ ગમે તેવો હતો, આપણે તો ભવિષ્યને સુંદર બનાવવાનું છે અને ભારતને " સુપર પાવર" બનાવવાનો છે.

દોડો ! એક એક પળ કિંમતી છે. એક પળ મોડા પડયા તો ભયંકર પાછળ ફેકાઈ જવાના. ચેતો !

❑❑❑